# ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલ : એક અભ્યાસ

**Dr. Neela G. Joshi**
Assistant Teacher
Shantilal Shah High School(Alfred),
Bhavnagar, Gujarat.

Received April 28, 2014. Accepted July 05, 2014.

**ABSTRACT** પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગરને લગતાં જુદાં જુદાં પાસાંઓ કેન્દ્રમાં રાખીને અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં સંસ્થાની સ્થાપનાનો ઈતિહાસ, શાળાના સ્થાપક અને તેનો પરિચય, એ સમયની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ, શાળાની ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ,વિદ્યાર્થી પ્રવેશ, વિદ્યાર્થી વિકાસની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, શાળાના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓનું સમાજમાં યોગદાન, શિક્ષક–વિદ્યાર્થી સંબંધો જેવાં પાસાંઓને પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયાં હતાં.

***Key words*** **:** આલ્ફ્રેડ હાઈસ્કૂલ

**પ્રસ્તાવના**

બધાં ક્ષેત્રોમાં ઈતિહાસનો અભ્યાસ ઉપયોગી ગણાય છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ ઐતિહાસિક સંશોધનો થયાં છે.આમાંનાં કેટલાંક અભ્યાસો શૈક્ષણિક સંસ્થાઓ વિશે પણ થયાં છે. આવાં શૈક્ષણિક સંશોધનો શિક્ષણને નવો રાહ ચિંધવાનું કાર્ય કરે છે.

ભાવનગર રાજયની સર્વ પ્રથમ પ્રાથમિક શાળા ઈ.સ. ૧૮૫૧માં શરૂ થઈ. પાંચ વર્ષ પછી એટલે કે ૧૮૫૬માં 'એન્ગ્લો વર્નાકયુલર' અંગ્રેજી ત્રણ ધોરણ સુધીની શાળા ખોલવામાં આવી. અંગ્રેજી ભણેલાઓની વહીવટમાં જરૂર ઊભી થઈ. જનતા આ લાભ લેવા પોતાના સંતાનોને અંગ્રેજી શાળાઓમાં વધારે સંખ્યામાં દાખલ કરવા માંડી. પરિણામે ભાવનગરમાં એક માધ્યમિક શાળાની જરૂરિયાત ઊભી થઈ (કોરાટ, જાની, ભાલ, ૧૯૯૫).

મહારાજ જસવંતસિંહજી સ્વર્ગવાસ પામતાં આ યોજનાને અમલમાં મૂકવાનું કામ મહારાજા તખ્તસિંહજીની સગીર અવસ્થામાં તે વખતના પ્રસિદ્ધ દીવાન ગૌરીશંકર ઓઝા અને સંયુકત અંગ્રેજ વહીવટકાર પર્સીવલે ઉપાડી લીધું.

કાઠિયાવાડમાં રાજકોટ અંગ્રેજી વહીવટનું કેન્દ્ર હતું. ત્યાં સૌથી પહેલી હાઈસ્કૂલ શરૂ થઈ, બીજી હાઈસ્કૂલ ભાવનગરમાં થઈ. બંનેના નામ 'આલ્ફ્રેડ' રાખવામાં આવ્યાં. બ્રિટીશ સામ્રાજયની મહારાણી વિકટોરીઆના બીજા પુત્ર આલ્ફ્રેડ અર્નેસ્ટ ડયૂક ઓફ એડિનબરો આ અરસામાં હિન્દની યાત્રાએ આવેલ અને તેની યાદગીરીમાં આ નામ પસંદ

કરવામાં આવેલ.ઈ.સ. ૧૮૭૨ના જુલાઈની ૮મી તારીખે મોતીબાગ રાજમહેલમાં આ સંસ્થાનું વિધિસરનું ઉદ્‍ઘાટન થયું. ભાવનગર રાજયના તે વખતના અધિકારીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકોની હાજરીમાં ભારે ઉત્સાહ વચ્ચે આ વિધિ થયો. તે દિવસે શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫૬ની હતી. વર્ષના અંતે ૭૮ વિદ્યાર્થીઓ હતા.

આલ્ફ્રેડ હાઈસ્કૂલનું આદ્ય મકાન ૧૮૭૭માં સંપૂર્ણ થયું. બાંધકામનો કુલ ખર્ચ રૂ. ૧,૭૫,૦૦૦ થયો હતો. પહેલાં વીસ વર્ષના અંતે વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦૦ સુધી પહોંચી ગઈ. મકાનની સંકડાશ જણાતા ૧૯૩૧માં પાછળના ભાગમાં બીજું મકાન તૈયાર થયું. રાજયની સ્થાપના પછી વિદ્યાર્થીઓની સંખ્યા વધતા વચ્ચેના ભાગમાં અન્ય એક મકાન બનાવવામાં આવ્યું.

ભાવનગરની સૌથી મોટી શાળા તરીકે આલ્ફ્રેડ હાઈસ્કૂલનું સંચાલન ઈ.સ. ૧૯૬૩માં ભાવનગર કેળવણી મંડળને સોંપવામાં આવ્યું.ભારતમાં અને ગુજરાતમાં આઝાદી પહેલાં અસ્તિત્વમાં આવેલી અને વિદેશી રાજયકર્તાઓના નામ ધરાવતી કેટલીક સંસ્થાઓનાં નામ બદલવામાં આવ્યાં છે અને તેમને આપણા સમાજના દાતાઓના નવા નામ આપવામાં આવ્યાં છે. આલ્ફ્રેડ હાઈસ્કૂલના કિસ્સામાં પણ આવું બન્યું છે. ઓગષ્ટ, ૧૯૮૩માં તેનું નામ બદલીને 'શાંતિલાલ શાહ હાઈસ્કૂલ' રાખવામાં આવ્યું.

પ્રસ્તુત હાઈસ્કૂલ વિશે ઐતિહાસિક સંશોધન પ્રકારે ગુણાત્મક સંશોધન પદ્ધતિ પ્રયોજવાનો વિચાર કેન્દ્રિત થયો હતો. જહોનસન (૧૯૯૫) સૂચવે છે કે શિક્ષણના સંશોધકોએ ઉપરછલ્લી લાક્ષણિકતાઓ કરતાં ઊંડાણપૂર્વકની સમજણને વધુ મહત્ત્વ આપવું જોઈએ. વળી, નોંધે છે કે ગુણાત્મક પ્રકારની સંશોધન પદ્ધતિ એ અધ્યયન–અધ્યાપનની સમજણમાં વધારો કરનારી સંશોધનની એક શકિતશાળી પદ્ધતિ છે. તેથી શિક્ષણના ક્ષેત્રમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિનો સાંપ્રત સમયમાં સ્વીકાર વધ્યો છે. શિક્ષણના ક્ષેત્રમાં છેલ્લા બે દાયકાથી ગુણાત્મક સંશોધનનું મહત્ત્વ વધવા લાગ્યું છે (બોગડાન અને બિકલેન, ૧૯૯૮, પૃ. ૯).

**અભ્યાસના હેતુઓ**

૧. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાનો ઈતિહાસ જાણવો.

૨. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના સ્થાપકનો પરિચય મેળવવો.

૩. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના સ્થાપનાકાળ વખતની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો અને તેની શાળા પરની અસર જાણવી.

૪. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની ભૌતિક સુવિધા વિશે જાણવું.

૫. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના ગ્રંથાલય વિશે જાણવું.

૬. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના અભ્યાસક્રમનો ઈતિહાસ જાણવો.

૭. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા વિશે જાણવું.

૮. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં વિદ્યાર્થી વિકાસની સહઅભ્યાસક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

૯. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો વિશે જાણકારી મેળવવી.

૧૦. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો વિશે જાણવું.

૧૧. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજમાં અપાયેલ યોગદાન તપાસવું.

૧૨. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષક–વિદ્યાર્થી સંબંધો વિશે જાણવું.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ પ્રમાણે હતા :

૧. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાનો ઈતિહાસ શું હતો ?

૨. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના સ્થાપકનો પરિચય શું હતો ?

૩. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના સમયની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ કેવી હતી ?

૪. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની ભૌતિક સુવિધાઓ કેવી હતી ?

૫. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલનું ગ્રંથાલય કેવું હતું ?

૬. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલનો અભ્યાસક્રમનો ઈતિહાસ કેવો હતો ?

૭. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા કેવી હતી ?

૮. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ કઈ કઈ હતી ?

૯. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો કોણ હતા ?

૧૦. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો કોણ હતા ?

૧૧. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ કોણ હતા ?

૧૨. ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષક–વિદ્યાર્થી સંબંધો કેવા હતા ?

**અભ્યાસનું મહત્ત્વ**

કાઠિયાવાડની સૌથી જૂની શાળા ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલ છે. ૧૩૭ વર્ષ જૂની આ શાળાનો અભ્યાસ અનેક રીતે મહત્ત્વનો છે.

આ શાળાની સ્થાપના આઝાદી મળ્યેથી ઘણાં વર્ષો પહેલાં થયેલી છે. આઝાદી મળ્યા પહેલાં સ્થપાયેલી આ શાળાના શિક્ષણ વિશે જાણવું જરૂરી છે.

આ શાળામાં ગુજરાતના ત્રણ દિગ્ગજ કેળવણીકારો નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદીએ અભ્યાસ કર્યો છે. તેમના પોતાના શિક્ષણના મૂળ જયાં હોય તેવી શાળાનો અભ્યાસ બહુ મહત્ત્વનો છે. આ શાળામાં રાજવી પરિવારનાં સંતાનોએ પણ અભ્યાસ કરેલ હોઈ, તેવી શાળાનો અભ્યાસ મહત્ત્વનો બને છે.

આ શાળાના આચાર્યો, શિક્ષકો નામાંકિત અને ખ્યાતિપ્રાપ્ય હતા. તેઓ શિક્ષણક્ષેત્રે અગ્રીમ હતા. આજના સમયમાં તેમના જ્ઞાન અને પદ્ધતિ વિશે જાણી વર્તમાન આચાર્યો અને શિક્ષકો પ્રેરણા લઈ શકે તે માટે આ શાળાનો અભ્યાસ મહત્ત્વનો બને છે.

ઈ.સ. ૧૯૬૩થી આ શાળાનું સંચાલન ભાવનગર કેળવણી મંડળે સ્વીકાર્યું છે. ખ્યાતનામ ટ્રસ્ટ દ્વારા ચાલતી આ શાળાના વહીવટ વિશે જાણવું જરૂરી બને છે.

સંસ્થાનો ઈતિહાસ, સ્થાપકનો પરિચય, અભ્યાસક્રમ, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, ભૌતિક સુવિધા,શાળાનું વાતાવરણ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેથી અવગત થવાશે.જે જાણકારીથી અન્ય સંસ્થાઓને પ્રેરણા મળશે.

શિક્ષણખાતું, શિક્ષણના આયોજકો, નીતિનિર્ધારકો, શિક્ષણ સંસ્થાઓના સંચાલકો, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને તેમજ શિક્ષણમાં રસ ધરાવતા નાગરિકોને પ્રસ્તુત સંસ્થાનો શૈક્ષણિક, સામાજિક, પારંપરિક અને સાંસ્કૃતિક પરિચય મળશે. જે શિક્ષણ સંસ્થાઓના કાર્યાન્વયન, યોજના, અમલીકરણ, મૂલ્યાંકન માટે માર્ગદર્શનરૂપ બનશે.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસને વ્યાવહારિક કે ગુણાત્મક પ્રકારમાં મૂકી શકાય. પ્રસ્તુત સંશોધનનાં પરિણામો વ્યાવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. તેથી પ્રસ્તુત અભ્યાસ વ્યાવહારિક સંશોધન ગણાય. પ્રસ્તુત સંશોધન આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગરનો અભ્યાસ કરી તેના વિવિધ પાસાંઓ વર્ણનાત્મક સ્વરૂપે રજૂ કરતું હોવાથી અને સંશોધનની નિષ્પત્તિ ગુણાત્મક હોવાથી તે ગુણાત્મક સંશોધન છે.

**સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક વ્યવસ્થાપન કે શૈક્ષણિક પ્રબંધ (Educational Management) હતું. પ્રસ્તુત સંશોધનમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગરનાં વિવિધ પાસાંઓને તપાસીને તેનું શૈક્ષણિક વ્યવસ્થાપન જાણવાનો પ્રયાસ થયો હતો. તેથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક વ્યવસ્થાપન છે તેમ કહી શકાય.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ, ઐતિહાસિક સંશોધન પદ્ધતિ કહી શકાય. કારણ કે આ અભ્યાસમાં ભૂતકાળના બનાવો, પ્રસંગો, હકીકતોનો સંદર્ભ હતો. પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિની પેટા પદ્ધતિ વ્યકિત અભ્યાસ પદ્ધતિ પણ કહી શકાય. કારણ કે, પ્રસ્તુત

અભ્યાસમાં કોઈ એક સામાજિક એકમનાં બધાં પાસાંઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગર અને તેનું શાળા સંચાલન એ અહીં વ્યાપવિશ્વ હતું. શાળા સંચાલનમાં સમાવિષ્ટ પાસાંઓ જેવાં કે વહીવટ, શિક્ષકોની ભરતી પ્રક્રિયા, મકાન અને તેની બાંધણી (ઈન્ફ્રાસ્ટકચર), શિક્ષકોનો પગાર, શાળાને મળતી ગ્રાન્ટ, શિક્ષકોના ઈન–સર્વિસ તાલીમી કાર્યક્રમો, શિક્ષકો અને આચાર્યોની ફરજમાં સમાવિષ્ટ બાબતોનો સમાવેશ થાય છે. જયારે અહીં નમૂના તરીકે પસંદ કરવામાં આવેલા પાસાંઓ હતા : પ્રસ્તુત અભ્યાસમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાનો ઈતિહાસ, સ્થાપકનો પરિચય, સ્થાપના સમયની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, શિક્ષક–વિદ્યાર્થી સંબંધો વગેરે પાસાંઓ પસંદ કરવામાં આવ્યાં હતાં.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે નીચે મુજબનાં મુખ્ય ઉપકરણોની પસંદગી કરી હતી.

(૧) દસ્તાવેજો, (૨) અવલોકન, અર્ધસહભાગી નિરીક્ષણ, અને (૩) મુલાકાત.

**દસ્તાવેજો.** જી.આર.ની વિવિધ નકલો, શાળાકીય દફતર, વિદ્યાર્થીઓના પત્રો, પ્રવેશ રજિસ્ટર, અન્ય પત્રકો, શતાબ્દિ ગ્રંથ, શાળાના મુખપત્ર 'દીપિકા'ના વિવિધ અંકો, ફોટોગ્રાફ્સ, ગ્રંથાલયમાંથી પ્રાપ્ત થતી માહિતી.

**અવલોકન, અર્ધસહભાગી નિરીક્ષણ.**

શાળાનું મકાન, શાળાનું મેદાન, ઓફિસ, કાર્યાલય, ગ્રંથાલય, પ્રયોગશાળા, કલાવર્ગ, અન્ય વિશિષ્ટ વર્ગો, સભાખંડ, રમતનાં સાધનો, ફર્નિચર વગેરેનું અવલોકન

**મુલાકાત.** શાળાના ભૂતપૂર્વ આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, ટ્રસ્ટીઓ વગેરેની મુલાકાત.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે માહિતીના ઉપકરણોને આધારે માહિતીની પ્રાપ્તિ કરી હતી. આલ્ફ્રેડ હાઈસ્કૂલ વિષયક લખાણો તેમજ શાળા વિશે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ આચાર્યો, ભૂતપૂર્વ તેમજ હાલમાં કાર્યરત શિક્ષકો, ટ્રસ્ટીઓ વગેરે પાસેથી માહિતી મેળવીને પ્રયોજકે પૂર્વકલ્પિત હેતુઓના અભ્યાસ માટે માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત આલ્ફ્રેડ હાઈસ્કૂલ સંબંધિત મુલાકાત, દસ્તાવેજો, અવશેષો, પુસ્તકો, વર્તમાનપત્રો દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આમ પ્રાથમિક સ્રોતો અને ગૌણ સ્રોતોના આધારે માહિતી એકત્રીકરણ કર્યું હતું.

**માહિતીનું વિશ્લેષણ**

જુદા જુદા સંદર્ભો દ્વારા એકત્ર કરાયેલી માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણની પદ્ધતિ દ્વારા

પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ સંદર્ભસ્ત્રોતો પરથી મળેલ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ કરીને વિષયોના મુદ્દાઓને યોગ્ય તાર્કિક ક્રમમાં ગોઠવીને વિશ્લિષ્ટ માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં માહિતીના પૃથક્કરણ કે વિશ્લેષણની રીત ગુણાત્મક સંશોધનના અભિગમમાં ઐતિહાસિક પદ્ધતિને અનુસરતી હતી. માહિતીનું વિશ્લેષણ બોગડાન અને બિકલેન (૧૯૯૮) તથા મેકમિલન અને શૂમેકર (૧૯૮૯)ની સૂચનાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

**ગુણાત્મક પદ્ધતિનો ઉપયોગ**

પ્રસ્તુત સંશોધનમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગરનો ઐતિહાસિક વ્યકિત અભ્યાસ કરી તેની વિવિધ પાસાંઓમાં વહેંચણી કરવામાં આવી હતી. જેને અનુરૂપ અભ્યાસ હેતુઓ અને પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. અભ્યાસ હેઠળના પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે દસ્તાવેજી સાહિત્ય, મુલાકાત અને અવલોકન ઉપકરણ તરીકે પ્રયોજવામાં આવ્યાં હતાં. આ ઉપકરણો દ્વારા માહિતીનું એકત્રીકરણ કર્યા પછી સંશોધકે તેનું વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી વિશ્લેષણ કરી તારણો મેળવ્યાં હતાં.

**પરિણામો અને તારણો**

અભ્યાસકને પ્રસ્તુત અભ્યાસની માહિતી અને તેના અર્થઘટનથી નીચે મુજબનાં પરિણામો અને તારણો પ્રાપ્ત થયાં હતા.

**૧. આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાનો ઈતિહાસ**

ઈ.સ. ૧૮૭૨ની ૮મી જુલાઈએ શાળા શરૂ થઈ હતી. શાળા પહેલા મોતીબાગ પેલેસમાં બેસતી હતી. ભાવનગરના મહારાજા જસવંતસિંહજીએ ઉદાર સખાવતની યોજના કરતા રૂપિયા દોઢ લાખના ખર્ચે શાળાનું અતિભવ્ય મકાન બનાવ્યું હતું. આ ભવ્ય મકાન રાજપૂત–સેરેસેનિક મિશ્ર સ્થાપત્યમાં બાંધવામાં આવ્યું હતું. જરૂર પડતા અન્ય બે મકાનો બનાવવામાં આવ્યા હતા.

**૨. આલ્ફ્રેડ હાઈસ્કૂલના સ્થાપકનો પરિચય**

મહારાજા ભાવસિંહજીએ ભાવનગરમાં ગોહિલ વંશની શરૂઆત કરી હતી. મહારાજા જસવંતસિંહજીએ હાઈસ્કૂલના મકાન માટે દાનની જાહેરાત કરી. તેમનો સ્વર્ગવાસ થતા તેમના પુત્ર તખ્તસિંહજીની સગીર અવસ્થામાં તે વખતના દીવાન ગૌરીશંકર ઓઝા અને અંગ્રેજ વહીવટકાર પર્સિવલે આ કામ સંયુકત રીતે ઉપાડી લીધું હતું. મહારાજા તખ્તસિંહજી ગોહિલ વંશની સાતમી પેઢીએ હતા. મહારાજા તખ્તસિંહજીએ ૧૮૭૮માં 'આલ્ફ્રેડ હાઈસ્કૂલ'ના નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું. તેઓએ ભાવનગર રાજયમાં અને રાજય બહાર ઘણું દાન કર્યું હતું. તેઓ સાચા અર્થમાં પ્રજાની સેવા કરનાર અને રાજયના શિક્ષણમાં પણ વિકાસ કરનાર રાજવી હતા.

### ૩. આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાકાળ વખતની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ અને તેની શાળાપર અસર

આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના સમયે ભાવનગર રાજયમાં ત્રણ પ્રાથમિક શાળાઓ હતી. આલ્ફ્રેડ હાઈસ્કૂલ પહેલી હાઈસ્કૂલ હતી. તે વખતે શાળાનું વહીવટી પાસું બ્રિટીશ સરકાર સંભાળતી હતી જયારે આર્થિક પાસું રાજયને જોવાનું હતું.

શાળાની સ્થાપના સમયે ભારતમાં આઝાદી માટેના આંદોલનનાં મંડાણ થઈ ચૂકયાં હતાં. સમગ્ર રાષ્ટ્રનું વાતાવરણ જ એવું હતું કે વિદ્યાર્થીઓ તેમાં જોડાયા વગર રહે નહીં. વિદ્યાર્થીઓ કોઈ નેતાની ધરપકડ થાય તો હડતાલ પાડતા, શિક્ષણનો બહિષ્કાર કરતા.

### ૪. આલ્ફ્રેડ હાઈસ્કૂલની ભૌતિક સુવિધા

શાળામાં ભૌતિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં હતી. શાળાને ભવ્ય એવાં ત્રણ મકાનો હતાં. જેમાં બે મકાનની કોતરણી, કરી–કાંગરા, સ્તંભો બેનમૂન અને જોવાલાયક હતાં. શાળાને બે મોટા મેદાનો હતાં. પ્રથમ મકાનનો સભાખંડ કોઈ રાજાના 'દીવાને આમ' જેવો ભવ્ય અને ઉત્તમ હતો. જયાં અત્યારે સ્ટાફરૂમ છે. પ્રયોગશાળા અને ગ્રંથાલય શ્રેષ્ઠ હતા. પ્રયોગશાળા સાધનો અને ફર્નિચરથી સુસજ્જ હતી. શાળામાં બધી જ રમતોને લગતાં સાધનો હતાં. ત્રણેય મકાનોમાં પૂરતા પ્રમાણમાં ફર્નિચર હતું. પીવાના પાણી માટે કૂલરની વ્યવસ્થા હતી. શાળામાં ટી.વી. રૂમ અને કમ્પ્યૂટર લેબ હતા. એન.એસ.એસ. યુનિટ પાસે રસોઈનાં, બાગકામનાં અને સફાઈનાં સાધનો હતાં.

### ૫. આલ્ફ્રેડ હાઈસ્કૂલનું ગ્રંથાલય

આલ્ફ્રેડ હાઈસ્કૂલના ગ્રંથાલયમાં અલભ્ય પુસ્તકો, હસ્તપ્રતો તેમજ ભાવનગરના રાજ પરિવાર તરફથી ભેટમાં મળેલ પુસ્તકો હતાં. ગ્રંથાલયમાં પહેલેથી જ ગ્રંથપાલ હતા. હાલમાં સરકારની નીતિ અનુસાર ગ્રંથપાલ નિયુકત થયા નહોતા. વિદ્યાર્થીઓ ઘણી ઓછી ડિપોઝીટ મૂકીને અલભ્ય પુસ્તકો વાંચી શકતા હતા. શાળામાં ઘણાં સામયિકો અને સમાચઠત્રારપત્રો આવતાં હતાં. અન્ય મનોરંજનનાં સાધનો વધતા વાચન ઓછું થયું હતું. પ્રિન્સિપાલની ઑફિસમાં નવા પુસ્તકોની 'પુસ્તક પરબ' ઊભી કરવામાં આવી હતી.

### ૬. આલ્ફ્રેડ હાઈસ્કૂલનો અભ્યાસક્રમ

આલ્ફ્રેડ હાઈસ્કૂલનો અભ્યાસક્રમ કેળવણી ખાતું નકકી કરતું. જયારે તે અનુસારનાં પુસ્તકો પ્રિન્સિપાલ અને શિક્ષકો નકકી કરતા. ત્યારબાદ ગુજરાત રાજયે પસંદ કરેલો અભ્યાસક્રમ ચાલતો હતો. રાજયમાં પાઠયપુસ્તક મંડળની

સ્થાપના થતા શાળામાં પાઠયપુસ્તક મંડળના પુસ્તકો ચાલતા હતાં.

**૭. આલ્ફ્રેડ હાઈસ્કૂલની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા**

શરૂઆતમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં સરળતાથી પ્રવેશ મળતો. ભાવનગર શહેર અને અન્ય ગામોમાંથી આવેલા વિદ્યાર્થીઓ હેડમાસ્ટરને મળે એટલે પ્રવેશ મળી જાય. પછીથી ક્રમશઃ અન્ય હાઈસ્કૂલો શરૂ થતાં મેરિટ પર પ્રવેશ આપવાની પ્રથા શરૂ થઈ. જેથી શાળાને ઉત્તમ વિદ્યાર્થીઓ મળી રહે.

હાલમાં વિદ્યાર્થીઓને વહેલાં તે પહેલાંના ધોરણે પ્રવેશ અપાય છે.

**૮. આલ્ફ્રેડ હાઈસ્કૂલની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ**

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રકારની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી. આવા પ્રકારની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં સ્વાશ્રય, નેતૃત્વ, સહનશીલતા, ધીરજ, મિત્રતા, પ્રકૃતિપ્રેમ, સાહસ, સામાજિકતા, સ્વાભિમાન વગેરે ગુણો કેળવાય તે જોવાનો હેતુ હતો. આવી પ્રવૃત્તિઓમાં (૧) પ્રવાસ–પર્યટન, (૨) મનોરંજન, (૩) લેખન અને પ્રકાશન, (૪) વિવિધ દિનની ઉજવણી, (૫) શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ, (૬) વિવિધ બાહય પરીક્ષાઓ, (૭) વાર્ષિકોત્સવ, (૮) પ્રદર્શનો, (૯) ઉત્સવોની ઉજવણી, (૧૦) વ્યાવસાયિક માર્ગદર્શન, (૧૧) વિષયોને લગતી સ્પર્ધાઓ, (૧૨) સફાઈ કાર્યક્રમો, (૧૩) પ્રાર્થનાસભા, (૧૪) કલા, (૧૩) વકતાઓના પ્રવચનો મુખ્ય હતા.

**૯. આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો**

આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો શ્રેષ્ઠ અને ઉત્તમ હતા. આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો પ્રભાવી, શાંત, સરળ અને રૂઆબદાર વ્યકિતત્વ ધરાવતા હતા. તેઓ પ્રતિભાશાળી હતા. આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો કવિ, સાહિત્યકાર, શિક્ષણવિદ અને અનેક ભાષાઓના જાણકાર હતા. શાળાના આચાર્યો ખરા અર્થમાં સાચા શિક્ષક પણ હતા. સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને પ્રેરી તેમના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહેતા. શાળામાં અનેક પ્રકારની સુવિધા વધારવા માટે તેમણે પ્રયત્નો કર્યા હતા. તેઓ શિક્ષકો પાસેથી કામ લેવાની આવડત ધરાવતા હતા. મોટા ભાગના આચાર્યો વિદ્યાર્થીઓમાં પ્રીતિપાત્ર હતા.

**૧૦. આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો**

આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો વિદ્વાન, તેજસ્વી અને ખુમારીવાળા હતા. તેઓ પોતાના વિષયમાં નિષ્ણાત હતા. એક શિક્ષક અનેક વિષયો શીખવી શકવાની વિદ્વત્તા ધરાવતા હતા. શિક્ષકો વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું સ્થાન હતા. શિક્ષકો શાળા પ્રત્યે અને

વિદ્યાર્થીઓ પ્રત્યે નિષ્ઠા ધરાવતા હતા. શિક્ષકોમાં આંતરિક ક્ષમતા હતી. જેના આધારે તેઓ વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન (turning point) લાવી શકતા હતા.

**૧૧. આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજ જીવનમાં યોગદાન**

આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ આલ્ફ્રેડમાંથી શિક્ષણ લઈને અહીંથી મળેલા સંસ્કારોને દેશ–પરદેશ સુધી લઈ ગયા હતા. તેઓએ સમાજ અને સરકારના અનેક ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું. તેઓ સમાજ અને સરકારના ઉચ્ચ હોદ્દાઓને શોભાવતા હતા. આલ્ફ્રેડના બે વિદ્યાર્થીઓ ભારત સરકારનો ગૌરવપૂર્ણ ખિતાબ 'પદ્મશ્રી' મેળવવા હકદાર બન્યા હતા. આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જે ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું તે ક્ષેત્રો આ પ્રમાણે હતા : (૧) શિક્ષણ, (૨) સહકાર, (૩) સંરક્ષણ, (૪) વહીવટ, (૫) રાજકીય, (૬) સામાજિક, (૭) કાયદાકીય, (૮) સાહિત્ય, (૯) તબીબી, (૧૦) વ્યાપાર, (૧૧) ઉદ્યોગ, (૧૨) સ્વાતંત્ર્ય સંગ્રામ, (૧૩) ઈતિહાસ, (૧૪) કલા, (૧૫) વિજ્ઞાન, (૧૬) ઈજનેરી, (૧૭) ધર્મ, (૧૮) ધ્વનિશાસ્ત્ર.

**૧૨. આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષક–વિદ્યાર્થી સંબંધ**

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષક–વિદ્યાર્થી સંબંધ પ્રેમભર્યા, ઉષ્માભર્યા અને હૂંફભર્યા હતા. શિક્ષક વિદ્યાર્થીને હંમેશા પિતાની દૃષ્ટિથી જોતા અને તેને પિતાતુલ્ય વાત્સલ્ય આપવાનો પ્રયત્ન કરતા. ટ્યુશનપ્રથા ન હોવાથી શિક્ષકો વિદ્યાર્થીને પળે પળે માર્ગદર્શન કરતા. વિદ્યાર્થીઓ પણ લાગણીભર્યા સંબંધોને કારણે શિસ્ત અને અદબ જાળવતા.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧. આઝાદી પહેલા સ્થપાયેલી આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષણ અને વહીવટનો અભ્યાસ કરીને એક ઉત્તમ શાળા કઈ રીતે બનાવી શકાય તે જાણવા મળે.

૨. આલ્ફ્રેડ હાઈસ્કૂલની ભૌતિક સુવિધાઓ અંગે જાણીને નવી શરૂ થતી શાળાઓમાં મકાનની બાંધણી અને અન્ય પાસાંઓ કેવી રીતે ગોઠવી શકાય તેનો ખ્યાલ આવે.

૩. આલ્ફ્રેડ હાઈસ્કૂલના ગ્રંથાલય અને પુસ્તકાલયને નમૂના તરીકે લઈને અન્ય શાળાઓ પોતાના ગ્રંથાલય અને પુસ્તકાલયને શ્રેષ્ઠ બનાવી શકે.

૪. આલ્ફ્રેડ હાઈસ્કૂલના તે કાળના અભ્યાસક્રમને અનુસરીને 'ભાર વગરનું ભણતર'નો હેતુ સિદ્ધ થઈ શકે. આ અભ્યાસક્રમને અનુસરતા ઓછા વિષયો પસંદ કરીને વિદ્યાર્થી વધારેમાં વધારે વ્યાવહારિક અને વ્યાવસાયિક જ્ઞાન કઈ રીતે મેળવી શકે તે જોઈ શકાય.

૫. આલ્ફ્રેડ હાઈસ્કૂલની સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીને કેવી રીતે સર્વાંગી કેળવણી આપી શકાય તે શીખી શકાય.

૬. શ્રેષ્ઠ આચાર્ય થવા માટે કેવા ગુણો, કેવી વહીવટીય સૂઝ અને કેવી કુશળતાની જરૂર પડે તે આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો પાસેથી શીખી શકાય.

૭. કેવી ક્ષમતાઓને આધારે શ્રેષ્ઠ અને ઉત્તમ શિક્ષક બની શકાય તે આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો પાસેથી શીખી શકાય.

૮. આલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યો અને શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્તનું આરોપણ કરીને શાળામાં ઉત્તમ વ્યવસ્થાનું આયોજન કરી શકાય.

૯. પોતાના શિક્ષણજીવન દરમિયાન યોગ્ય શિક્ષણ લઈને તેમજ અનેક સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને કેવી રીતે ઉત્તમ વ્યાવસાયિક જીવનનું નિર્માણ કરી શકાય તે આજના વિદ્યાર્થીઓને શીખવી શકાય.

૧૦. આલ્ફ્રેડ હાઈસ્કૂલના શિક્ષકો પાસેથી પ્રેરણા લઈને શિક્ષક–વિદ્યાર્થી સંબંધોને લાગણીભર્યા અને હૂંફભર્યા બનાવી શકાય.

## સંદર્ભસૂચિ


Best, J. W., & Kahn, J. V. (1995). Research in Education (7th Ed.). New Delhi: Prentice Hall of India Private Limited.

Eapen, K. V. (1981). A study of the contribution of the Church Mission Society to the progress and Development of Eduaction in Kerala, in M. B. Buch (1989). *Fourth Survey of Research in Education*, pp. 67, New Delhi : NCERT.

McMillan, J.H., & Schumacher, S. (1998). *Research in Education* (2nd ed.). New York : Halpel Collins.

Moore, D. H. (1963). The British Institute of Christian Education, in Journal of Bible and Religion (Feb 1970, pp. 27-29).

કામદાર, વિરાણી, મહેતા અને અન્ય (સં.) (૧૯૮૦–૮૧). *દીપિકા.* આલ્ફ્રેડ હાઈસ્કૂલનું શાળાપત્ર, ગ્રંથ અઢારમો.

કોરાટ, જાની, ભાલ (૧૯૯૫). *ભાવનગર રાજ્યનો ઈતિહાસ (૧૭૨૩ થી ૧૯૪૭).* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન

કંડોરિયા, ડી. પી. (૨૦૦૯). *ગ્રામ દક્ષિણામૂર્તિ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, આંબલાનો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ.

ગિલાતર, જે. ટી. (૨૦૦૯). *ઉત્તર બુનિયાદી વિદ્યાલય લોકશાળા ખડસલીનો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ.

દીપિકા, (૧૯૫૨). *આલ્ફ્રેડ હાઈસ્કૂલનું શાળાપત્ર*, ગ્રંથ ચોથો.

દેવાણી, આર. (૨૦૦૩). *સૈનિક સ્કૂલ બાલાચડીનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પરમાર, એસ.એચ. (૨૦૦૯). *વિશ્વ મંગલમ્ ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, અનેરાનો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ.

પુરોહિત, આર.એમ. (૧૯૯૦). *સ્વામીનારાયણ ગુરુકુળ રાજકોટનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

બુદ્ધદેવ, પી. વી. (૧૯૮૫). *કન્યાઓ માટેની વિશિષ્ટ શાળા, રાજકોટ (૧૯૮૩–૮૪)નો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

બ્રહ્મભટ્ટ, પી. સી. (૨૦૦૧). *ગાંધી સ્થાપિત આશ્રમોનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ભટ્ટ, કે. જે. (૧૯૯૪). *મોરબી શહેરની ગિબ્સન મિડલ સ્કૂલનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ભટ્ટ, જોષી, વોરા અને અન્ય (સં.) (૧૯૭૬–૭૭). *દીપિકા.* આલ્ફ્રેડ હાઈસ્કૂલનું શાળાપત્ર, ગ્રંથ તેરમો.

ભટ્ટ, વોરા, જાડેજા અને અન્ય (સં.) (૧૯૭૯–૮૦). *દીપિકા.* આલ્ફ્રેડ હાઈસ્કૂલનું શાળાપત્ર, ગ્રંથ સોળમો.

માકડિયા, એ. એમ. (૨૦૦૯). *ઉત્તર બુનિયાદી વિદ્યાલય વિનયમંદિર, અંભેટીનો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ.

મજુમદાર, વાય. આર. (૧૯૯૧). *ગૂજરાત વિદ્યાપીઠ (૧૯૨૦–૧૯૪૭)નો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

રોજાસરા, ડી. (૨૦૦૯). *શ્રી ગિરિવર ઉત્તર બુનિયાદી વિદ્યાલય, માલસામોટ (જિ. નર્મદા)નો અભ્યાસ.* અપ્રકાશિત એમ.એડ્. લઘુ શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ.

શેખ, ઝેડ, એમ. (૨૦૦૧). *અમદાવાદ શહેરની મુસ્લિમ સંસ્થાઓનો અભ્યાસ.* અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.